સામાયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ -5 | પર્યાવરણ | ઓગસ્ટ, 2020

સમય- 1 કલાક | કુલ ગુણ - 25

(અ. નિ. - અધ્યયન નિષ્પત્તિ - **Learning Outcome)**

અ. નિ. પ્રાણીઓની વિશિષ્ટ શક્તિઓ, અસમાન્ય લક્ષણો (દૃષ્ટિ ,ગંધ, શ્રવણ,ઊંઘ,અવાજ વગેરે) અને તેમના પ્રકાશ,ધ્વનિ અને ખોરાક પ્રત્યેના પ્રતિચારોને વર્ણવે છે.

પ્રશ્ન -1 **યોગ્ય વિકલ્પ પસંદ કરી મને ઓળખો.** **(05)**

(માછલી, સ્લોથ, વાઘ, મચ્છર, કીડી)

1. હું વધારે સમય સુધી વૃક્ષની ડાળી પર ઉંધા માથે લટકી રહું છું.
2. હું રાત્રે માણસ કરતાં છ ગણુ સારું જોઈ શકું છું.
3. હું વિદ્યુતસંકેત દ્વારા ચેતવણી આપું છું.
4. હું માણસને શરીરના તાપમાન પરથી શોધું છું.
5. હું સુગંધથી રસ્તો શોધી કાઢું છું.

અ. નિ. પ્રાણીઓ, વનસ્પતિઓ અને મનુષ્યના પરસ્પરાવલંબન સંબંધો વર્ણવે છે. (જેમકે લોકો દ્વારા જીવનનિર્વાહ માટે પશુપાલન કરવું કે પ્રાણીઓ -પક્ષીઓ દ્વારા વનસ્પતિના બીજનો ફેલાવો થવો)

પ્રશ્ન -2 **નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. કોને ખેડૂતનો મિત્ર કહેવામાં આવે છે? શા માટે? (02)
1. બીજનો ફેલાવો કઈ કઈ રીતે થાય છે? (02)
2. ગુજરાન ચલાવવા માટે મનુષ્યો દ્વારા ઉપયોગમાં લેવાતાં ચાર પ્રાણીઓનાં નામ આપો. (01)

અ. નિ. આકાર, સ્વાદ, રંગ, રચના, ધ્વનિ ખાસિયતો વગેરે ગુણધર્મોને આધારે પદાર્થ કે સામગ્રીનું વર્ગીકરણ કરે છે.

પ્રશ્ન -3 **નીચે આપેલ જુદી -જુદી ખાદ્ય સામગ્રીને સ્વાદ અનુસાર વર્ગીકૃત કરો.** **(05)**

(લીંબુ, આંબળા, મધ, કારેલાં, મરચાં, ગોળ, લવિંગ, ખાંડ, મીઠું, અજમો)

ખારો સ્વાદ	ખાટો સ્વાદ	મીઠો સ્વાદ	કડવો સ્વાદ	તીખો સ્વાદ

અ..નિ. રોજિંદા જીવનની મૂળભૂત જરૂરિયાતો (ખોરાક,પાણી વગેરે) મેળવવાની પ્રક્રિયા અને તેમાં ટેક્નોલોજીના ઉપયોગો સમજાવે છે. (ઉદા : ખેતપેદાશો ખેતરથી રસોડા સુધી પહોંચવાની પ્રક્રિયા, અનાજમાંથી રોટલી બનાવવાની પ્રક્રિયા, અનાજ જાળવણીની તકનિકો, જળસ્રોતમાં પાણી સંગ્રહની રીતો)

પ્રશ્ન – 4 ઘઉં વાવવાથી શરૂ કરીને રોટલી બનવા સુધીની આખી પ્રક્રિયાના ઓછામાં ઓછા પાંચ તબક્કા ક્રમિક રીતે જણાવો. **(05)**

અ..નિ. રોજિંદા જીવનની મૂળભૂત જરૂરિયાતો (ખોરાક,પાણી વગેરે) મેળવવાની પ્રક્રિયા અને તેમાં ટેક્નોલોજીના ઉપયોગો સમજાવે છે. (ઉદા: ખેતપેદાશો ખેતરથી રસોડા સુધી પહોંચવાની પ્રક્રિયા, અનાજમાંથી રોટલી બનાવવાની પ્રક્રિયા, અનાજ જાળવણીની તકનિકો, જળસ્રોતમાં પાણી સંગ્રહની રીતો)

પ્રશ્ન – 5 નીચે આપેલ 'અ' વિભાગમાં ખાદ્યસામગ્રી અને 'બ' વિભાગમાં તેની જાળવણીની રીત આપેલ છે. તેને આધારે યોગ્ય જોડકાં જોડો. **(05)**

અ	બ
1. બટાકા	1. ઉકાળીને રાખો.
2. લીલી મેથી	2. વાટકામાં ભરી તે વાટકો પાણી ભરેલા વાસણમાં મૂકી રાખો.
3. ખીચડી	3. સૂકી અને ખુલ્લી જગ્યામાં રાખો.
4. દૂધ	4. બંધ વાસણમાં રાખો.
5. મગ	5. ભીનાશવાળા કાપડમાં વીંટાળીને મૂકો.
	6. પારાની ગોળીઓ મૂકો.

સામાયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ -5 **પર્યાવરણ** **જાન્યુઆરી, 2021**

સમયઃ 1 કલાક **કુલ ગુણ - 25**

(અ.નિ. અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ. નિ. સમાજની મહત્વની સમસ્યાઓ (પડકારો)માં પોતાનાં અવલોકનો કે અનુભવોને આધારે સમાજની પ્રવૃત્તિઓ વિશે અભિપ્રાય આપે છે. (જેમકે સંસાધનોની પ્રાપ્તિ અને માલિકી, સ્થળાંતર, સ્થાપન –વિસ્થાપન, બાળકો વગેરે)

પ્રશ્ન -1 **નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (5)

1. રસોઈ બનાવવા માટે ઈંધણ તરીકે ..... નો ઉપયોગ હિતાવહ છે.
   (LPG, લાકડાં , કેરોસીન)
2. ..... થી ચાલતાં વાહનો ઓછો ધુમાડો કરે છે. (પેટ્રોલ, ડિઝલ, CNG)
3. જમીનમાંથી .....ખૂટી જશે તો વાહનો ચલાવવાં મુશ્કેલ બની જશે
   (પાણી, ખનીજતેલ, લાકડાં)
4. .....નો ઉપયોગ પ્રદૂષણનું કારણ બને છે. (કોલસો, LPG, CNG)
5. વાહનોથી હવા ઉપરાંત .....નું પ્રદૂષણ પણ થાય છે.
   (પાણી, અવાજ, જમીન)

અ. નિ. ભૂમિપ્રદેશો, આબોહવા, સંસાધનો (જેમકે ખોરાક,પાણી,રહેઠાણ,આજીવિકા) અને સાંસ્કૃતિક જીવન વચ્ચે જોડાણ સાધે છે. (મુશ્કેલભર્યા અને દુર્ગમ વિસ્તારોમાં લોકોનું જીવન જેવા કે ગરમ અને ઠંડા રણપ્રદેશો)

પ્રશ્ન -2 **નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1. મહારાષ્ટ્રથી લદાખ જતાં વચ્ચે કયાં કયાં રાજ્યો આવે છે? (2)
2. 'રેબો' વિશે ટૂંકમાં જણાવો. (2)
3. શ્રીનગર આવતા મુસાફરો ક્યાં રહેવાનું પસંદ કરે છે? (1)

અ..નિ. સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, <u>આપત્તિ/ કટોકટીની સ્થિતિ</u> અને સંસાધનો (જેમ કે જમીન, ઈંધણ, જંગલો વગેરે)ની જાળવણી / બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

પ્રશ્ન -3 **નીચે આપેલી ઘટનાને યોગ્ય ક્રમમાં ગોઠવો.** (5)

1. અમારા ગામના પુનર્વસન માટે અમે બધાએ સાથે મળીને કામ કર્યું.
2. સવારે સવારે ધરતી ધ્રૂજી ઉઠતા દોડધામ મચી ગઈ અને પારાવાર નુકસાન થયું.
3. ડર અને ઠંડીના કારણે અમે રાત્રે ઊંઘી શકતા ન હતા.
4. ઈંજનેરો અને સ્થપતિઓ (આર્કિટેક્ટસ) એ અમને ઘર માટે ખાસ પ્રકારની રચનાઓ બતાવી.
5. બીજા શહેરોમાથી સેવાભાવી સંસ્થાઓ અને લોકો મદદે દોડી આવ્યા.

અ..નિ. <u>સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન</u>, આપત્તિ/ કટોકટીની સ્થિતિ અને સંસાધનો (જેમ કે જમીન, ઈંધણ, જંગલો વગેરે)ની જાળવણી / બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

પ્રશ્ન - 4 **પ્રશ્નોના જવાબ આપો.**

1. સ્વચ્છતા ન રાખવાથી શું નુકસાન થાય છે? (2)
2. તમારા ઘરના કચરાનો નિકાલ કઈ રીતે થાય છે? (2)
3. તમે તમારા ઘર કે શાળામાં સ્વચ્છતા કે સફાઈના કયા-કયા કામમાં મદદ કરો છો? (1)

અ. નિ. ભૂમિપ્રદેશો, આબોહવા, સંસાધનો (જેમકે ખોરાક,પાણી,રહેઠાણ,આજીવિકા) અને સાંસ્કૃતિક જીવન વચ્ચે જોડાણ સાધે છે. (મુશ્કેલભર્યા અને દુર્ગમ વિસ્તારોમાં લોકોનું જીવન જેવા કે ગરમ અને ઠંડા રણપ્રદેશો)

પ્રશ્ન -5 **નીચે આપેલ જે પરિસ્થિતિમાં ફૂંકનો ઉપયોગ થાય તેની સામે ખરાની નિશાની અને જે પરિસ્થિતિમાં ફૂંકનો ઉપયોગ ન થાય તેની સામે ખોટા તે નિશાની કરો.** (5)

(1) અગ્નિ પેટાવવા	(2) ગરમ વસ્તુ ઠંડી કરવા
(3) ઠંડી વસ્તુ ગરમ કરવા	(4) પાણી પીવા માટે
(5) ચશ્માના કાચ સાફ કરવા	(6) ફરકડી રમવા
(7) શ્વાસ લેવા	(8) સીટી મારવા
(9) કુદકા મારવા	(10) દોડવા માટે

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ - 5 | પર્યાવરણ | ઓક્ટોબર, 2020

સમયઃ 1 કલાક | કુલ ગુણ - 25

(અ.નિ.:અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ. નિ. રોજિંદા જીવનની મૂળભૂત જરૂરિયાતો (ખોરાક ,પાણી વગેરે) મેળવવાની પ્રક્રિયા અને તેના ટૅક્નોલોજીના ઉપયોગો સમજાવે છે (ઉદા. ખેતપેદાશો ખેતરથી રસોડા સુધી પહોંચવાની પ્રક્રિયા , અનાજમાંથી રોટલી બનાવવાની પ્રક્રિયા , અનાજ જાળવણીની તકનિકો , જળસ્રોતમાંથી પાણી સંગ્રહની રીતો)

પ્રશ્ન -1 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. આપણા ઘર સુધી વાપરવાનું અને પીવાનું પાણી કઈ કઈ રીતે આવે છે તેની ચાર રીત લખો. (2)
2. નીચે આપેલ પાણીનો સંગ્રહ કરવાના સ્થાન વિશે બે-બે વાક્યો લખો. (3)

   (i) તળાવ (ii) વાવ (iii) કૂવો

અ. નિ. કોઈ ઘટના અંગેની પરિસ્થિતિઓ ગુણધર્મો અંગે અનુમાન કરે છે અવકાશી જથ્થો (જેમ કે અંતર, વિસ્તાર, વજન, માપ વગેરે) અને સમય અંગે સાદા અને પ્રમાણભૂત એકમોમાં અંદાજ કાઢે છે. સાદાં સા ધનોનો ઉપયોગ કરીને ચકાસણી કરે છે. (જેમ કે તરતું –ડૂબતું /મિશ્રણ /બાષ્પીભવન /અંકુરણ /બગાડ /શ્વસન /સ્વાદ)

પ્રશ્ન - 2 નીચેની વસ્તુ પાણીમાં નાંખતાં તરશે કે ડૂબશે તેનું વર્ગીકરણ કરો. (5)

ટાંકણી, સ્ટીલની ચમચી , મીઠું, સાબુ , પ્લાસ્ટીકની બોટલ , કાગળની હોડી , તેલ, લીંબુ, બરફ, બોલપેન

પાણીમાં તરતી વસ્તુઓ	પાણીમાં ડૂબતી વસ્તુઓ

અ.નિ. સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ /કટોકટીની સ્થિતિ અને સંસાધનો (જેમ કે જમીન, ઇંધણ, જંગલો વગેરે)ની જાળવણી /બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

પ્રશ્ન– 3 મેલેરિયાના રોગ વિશે નીચે આપેલ બાબતોને આધારે માહિતી આપો.

1. મેલેરિયાની તપાસ કઈ રીતે થાય? (1)
2. મેલેરિયા ન થાય તે માટે કઈ-કઈ સાવચેતી રાખશો? (2)
3. મેલેરિયા થયેલ દર્દીની કાળજી કેવી રીતે લેશો? (2)

અ..નિ. સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ /કટોકટીની સ્થિતિ અને સંસાધનો (જેમ કે જમીન,ઇંધણ, જંગલો વગેરે)ની જાળવણી /બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

પ્રશ્ન -4 **નીચે આપેલ એક જ વ્યક્તિના બે અલગ અલગ રીપોર્ટનું નિરીક્ષણ કરીને પ્રશ્નોના જવાબ આપો.** (5)

દાક્તરી રોગનિદાન રિપૉર્ટ **CLINICAL PATHOLOGY REPORT** **આરોગ્ય વિભાગ, ગુજરાત સરકાર** **Health Department, Gujarat Gov.** **13/01/2019** **નામ/Name** Aarti **ઉંમર/Age** 12 **સ્ત્રી કે પુરુષ/Sex** Female **રોગની ઓળખ/Diagnosis** Anaemia (પાંડુરોગ) **Normal Range** **(સામાન્ય સ્થિતિ)** **Haemoglobin** 8 **gm/dl (12 to 16 gm / dl)** **(હિમોગ્લોબિન)** **Pathologist**	**દાક્તરી રોગનિદાન રિપૉર્ટ** **CLINICAL PATHOLOGY REPORT** **આરોગ્ય વિભાગ, ગુજરાત સરકાર** **Health Department, Gujarat Gov.** **30/06/2019** **નામ/Name** Aarti **ઉંમર/Age** 12 **સ્ત્રી કે પુરુષ/Sex** Female **રોગની ઓળખ/Diagnosis** Anaemia (પાંડુરોગ) **Normal Range** **(સામાન્ય સ્થિતિ)** **Haemoglobin** 12.5 **gm/dl (12 to 16 gm / dl)** **(હિમોગ્લોબિન)** **Pathologist**

1. આ રીપોર્ટ કયા વિભાગ દ્વારા આપવામાં આવેલ છે?
2. રીપોર્ટમાં કયા રોગની વિગત આપવામાં આવેલી છે?
3. આરતીના રીપોર્ટમાં ઓછામાં ઓછું હિમોગ્લોબીન કેટલું છે?
4. બીજા રિપોર્ટમાં આરતીના હિમોગ્લોબીનમાં કેટલો વધારો થયો?
5. આરતીનું હિમોગ્લોબીન વધતાં કેટલો સમય લાગ્યો?

અ..નિ. સ્થાનિક /બિનઉપયોગી સામગ્રીનો ઉપયોગ કરીને પોસ્ટર , ડીઝાઇન, સ્થાનિક વાનગીઓ, ચિત્રો તેમજ આસપાસના કે મુલાકાત લીધેલ સ્થળોના નકશા બનાવે છે .તે વિશે જોડકણા , કવિતાઓ સૂત્રો બનાવે છે અને પ્રવાસવર્ણનો નોંધે છે.

પ્રશ્ન-5. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

1. પર્વત પર પ્રવાસ જવાનું હોય તો તમે કઈ કઈ બાબતોની તૈયારી કરશો? (3)
2. પર્વત પર ચઢતી વખતે કઈ કઈ મુશ્કેલી આવી શકે છે? (2)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-5 પર્યાવરણ તા.10/12/2021

સમયઃ 1 કલાક કુલ ગુણઃ 25 ગુણ

પ્રશ્ન: 1 **નીચે આપેલા દિલ્હી શહેરના ઓઈલની મહિતી કોષ્ટકનું અવલોકન કરી પ્રશ્નોના જવાબ લખો.** **(5)**

ઑઈલ	એક લિટરનો ભાવ જૂન, 2009	એક લિટરનો ભાવ જૂન, 2014	એક લિટરનો ભાવ જૂન, 2019
પેટ્રોલ	₹ 40.62	₹ 72.26	₹ 67.47
ડીઝલ	₹ 30.86	₹ 50.28	₹ 67.72

(1) કોષ્ટકમાં કઈ વસ્તુઓના ભાવ વધારાની માહિતી આપવામાં આવી છે?

(2) કોષ્ટકમાં સૌથી વધુ કિંમત કયા ઓઈલની અને કયા વર્ષમાં છે?

(3) પેટ્રોલના ભાવમાં 2009 કરતાં 2019માં કેટલા રૂપિયાનો વધારો થયો છે ?

(4) 2014ના પેટ્રોલ અને ડીઝલના ભાવ વચ્ચે કેટલા રૂપિયાનો તફાવત છે ?

(5) ઈંધણના ભાવ વધારાની જરૂર શા માટે પડતી હશે?

પ્રશ્ન: 2 **નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની સામે ખરાની (✓)નિશાની કરો.** **(5)**

(1) વાહનોના ટ્રાફિકને કારણે શું અસર થાય છે?

(A) સમયનો બગાડ (B) અકસ્માત (C) પ્રદૂષણ (D) તમામ

(2) શહેરોમાં વાહનોની ટ્રાફિકને કારણે થતી દુર્ઘટના નિયંત્રણ કરવા શું હોય છે?

(A) ઝીબ્રા ક્રોસિંગ (B) સોલર લાઈટ (C) ટ્રાફિક સિગ્નલ (D) ફુટપાથ

(3) કયા વાહનમાં ઈંધણની જરૂર પડતી નથી?

(A) સાયકલ (B) જહાજ (C) ટ્રેન (D) મોટર

(4) નીચેનામાંથી કઈ વસ્તુ જમીનમાંથી મળી આવતી નથી?

(A) બોક્સાઇટ (B) આયર્ન (C) સોનું (D) પ્લાસ્ટિક

(5) વાહનોથી હવા ઉપરાંત કયું પ્રદૂષણ ફેલાય છે?

(A) ધ્વનિ/અવાજ (B) જમીન (C) પાણી (D) પ્લાસ્ટિક

પ્રશ્ન: 3 **નીચેના સાધનો માટે વપરાતા બે ઈંધણ જણાવો.** **(5)**

(1) ટ્રેન - .....

(2) બસ - .....

(3) ચૂલો - .....

(4) મોટરકાર - .....

(5) રીક્ષા - .....

પ્રશ્ન: 4 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) ઈંધણ બચાવવા માટેના કોઈ પણ ચાર ઉપાયો જણાવો. **(4)**

(2) ઈંધણ બચાવવા માટેના બે સૂત્રો લખો. **(1)**

પ્રશ્ન: 5 નીચેની બાબતો પર્યાવરણ માટે સારી છે કે ખરાબ તે લખો. **(5)**

(1) રસોઈ માટે લાકડાંનો ઉપયોગ

(2) નાની મુસાફરી માટે સાયકલનો ઉપયોગ

(3) ઈલેક્ટ્રીક વાહનનો ઉપયોગ

(4) સિગ્નલ પર લાલ લાઈટ હોય ત્યારે વાહન ચાલુ રાખવું

(5) ધુમાડો ફેંકે એવા વાહનનો ઉપયોગ કરવો.

સારી બાબત	ખરાબ બાબત

શિક્ષક માટેઃ

પ્રશ્નક્રમાંક	અ.નિ. નંબર	વિધાન
પ્રશ્ન 1 to 3	EV512	સમાજની મહત્વની સમસ્યાઓ (પડકારો)માં પોતાના અવલોકન કે અનુભવોને આધારે સમાજની પ્રવૃત્તિઓ વિશે અભિપ્રાય આપે છે. (જેમ કે સંસાધનોની પ્રાપ્તિ અને માલિકી, સ્થળાંતર, સ્થાપન ,વિસ્થાપન, બાળહક્કો વગેરે)
પ્રશ્ન 4 to 5	EV513	સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ/ કટોકટીની સ્થિતિ અને સંસાધનો (જેમ કે જમીન, ઇંધણ, જંગલો વગેરે)ની જાળવણી/ બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : 5 | પર્યાવરણ | તારીખ : 28/01/22

સમયઃ 1 કલાક | કુલ ગુણ: 25

પ્રશ્ન: 1 **પ્રશ્નોના જવાબ આપો..**

(1) તમારે પ્રવાસમાં જવાનું હોય તો તમે કઈ-કઈ વસ્તુઓ તમારી સાથે લઈ જશો તેના નામ લખો. (2)

(2) તમારું પોતાનું ઘર કઈ-કઈ વસ્તુઓના ઉપયોગથી બનેલ છે તેના નામ લખો (2)

(3) તમારા વિસ્તારમાં શિયાળામાં ઠંડીનો પારો કેટલા ડિગ્રી નીચો જાય છે ? (1)

પ્રશ્ન: 2. **નીચે આપેલ કુદરતી આપત્તિઓ વિશે તમે કઈ સાવચેતી રાખશો તેના વિશે લખો.** (5)
ઉદાહરણ : ત્સુનામી : સલામત સ્થળે ઉચાઈ પર જતાં રહેવું.

1. ધરતીકંપ :.....

2. પૂર: .....

3.વાવાઝોડું:.....

4. આગ:.....

5. દુષ્કાળ:.....

પ્રશ્ન: 3 પ્રશ્નોના જવાબ આપો.

(1) ઘરમાં સફાઈનાં કયાં –કયાં કાર્યો કરવામાં આવે છે ? (1)

(2) શેરી, સોસાયટી કે ફ્લેટમાં સફાઈનાં કયાં-કયાં કાર્યો કરવામાં આવે છે ? (1)

(3) તમારા ઘરમાંથી કચરાનો નિકાલ કેવી રીતે થાય છે ? (1)

(4) તમારા વિસ્તાર કે ગામમાં સ્વચ્છતા માટે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખશો ? (2)

પ્રશ્ન: 4 **નીચે આપેલા વિધાનોમાં ખરાં છે કે ખોટાં તે લખો.** (5)

(1) શિયાળામાં હાથમાં ઠંડી લાગતાં હાથને ગરમ કરતા ફૂંક મારીએ છીએ.

(2) કાગળની ફરકડીને ઉપરની બાજુએ ફૂંક મારવાથી જલ્દી ફરે છે

(3) જોરથી ફૂંક મારવાથી ઠંડી હવા બહાર આવે છે.

(4) હવા નીચેથી ઉપર જાય તો ભારે બને છે.

(5) ચશ્મા પર ફૂંક મારવાથી ચશ્મા ભેજવાળા થઈ જાય છે.

પ્રશ્ન: 5 **શાળામાં ભણતી છોકરીઓ રમત-ગમતમાં આગળ વધે એ માટે શું-શું કરવું જોઈએ તેના વિશે તમારા વિચારો લખો.** (5)

શિક્ષક માટેઃ

પ્રશ્ન ક્રમાંક	અ.નિ. ક્રમાંક	વિધાન
1	EV505	ભૂમિ પ્રદેશો, આબોહવા, સંસાધનો (જેમ કે ખોરાક, પાણી, રહેઠાણ, આજીવિકા) અને સાંસ્કૃતિક જીવન વચ્ચે જૂદાન સાધે છે. (મુશ્કેલભર્યા અને દુર્ગમ વિસ્તારો ગરમ અને ઠંડા રણ પ્રદેશોમાં લોકોનું જીવન)
2 અને 3	EV513	સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ/કટોકટીની સ્થિતિ અને સંસાધનો(જેમ કે જમીન, ઈંધણ, જંગલો વગેરે)ની જાળવણી/બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.
4	EV509	અવલોકનો, અનુભવો, માહિતીઓ (જેમ કે કોષ્ટકો, ચિત્રો, જાળવણી / બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.
5	EV512	સમાજની મહત્વની સમસ્યાઓ (પડકારો)માં પોતાનાં અવલોકન કે અનુભવોને આધારે સમાજની પ્રવૃતિઓ વિશે અભિપ્રાય આપે છે.(જેમ કે સંસાધનોની પ્રાપ્તિ અને માલિકી સ્થળાંતર,સ્થાપન –વિસ્થાપન,બાળહકો વગેરે)

.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-5 પર્યાવરણ ઓગષ્ટ, 2021

સમય : 1 કલાક કુલ ગુણ : 25

અ.નિ. પ્રાણીઓની વિશિષ્ટ શક્તિઓ અને અસામાન્ય લક્ષણો (જેમકે દૃષ્ટિ, ગંધ, શ્રવણ, ઊંઘ, અવાજ વગેરે) અને તેમના પ્રકાશ, ધ્વનિ અને ખોરાક પ્રત્યેના પ્રતિચારોને વર્ણવે છે.

પ્રશ્ન 1. વાઘની આંખ, કાન, નાક, અવાજ અને મૂછો વિશેની વિશેષતાઓ જણાવો. **(5)**

અ.નિ. પ્રાણીઓ, વનસ્પતિઓ અને મનુષ્યના પરસ્પરાવલંબનના સંબંધો વર્ણવે છે

પ્રશ્ન 2. પ્રશ્નોના જવાબ આપો.

1. સાપ ખેડૂતનો મિત્ર શાથી કહેવાય છે? **(2)**
2. ગુજરાન ચલાવવા માટે કયાં કયાં પ્રાણીઓનો ઉપયોગ થાય છે? કેવી રીતે? **(3)**

અ.નિ. સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ/ કટોકટીની સ્થિતિ અને સંસાધનો(જેમ કે જમીન, ઇંધણ, જંગલો વગેરેની જાળવણી/ બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

પ્રશ્ન 3. ખોટો શબ્દ છેકી સાચું વિધાન બનાવો. **(5)**

(1) શરીરને પૂરતો અને પૌષ્ટિક આહાર ન મળે તો શરીર **સુડોળ/ નબળું** બને છે.

(2) શરીરને યોગ્ય આહાર મળે તો રોગ સામે રક્ષણ **મળે છે./ મળતું નથી.**

(3) ઘરે બનાવેલ તાજો ખોરાક ખાવાથી શરીર હંમેશા **થાકેલું/ સક્રિય** રહે છે.

(4) જલ્પાને તરસ લાગે ત્યારે તે હંમેશા ઠંડું પીણું જ પીવે છે, તેની આ ટેવની તેના શરીર પર **સારી/ ખરાબ** અસર થશે.

(5) ચિપ્સ, પિત્ઝા વગેરે ખોરાક શરીર માટે **ઉપયોગી/ હાનિકારક** બની રહે છે.

અ.નિ. આકાર, સ્વાદ, રંગ, રચના, ધ્વનિ, ખાસિયતો વગેરે ગુણધર્મોને આધારે પદાર્થ કે સામગ્રીનું વર્ગીકરણ કરે છે.

પ્રશ્ન 4. **નીચે મુજબનોસ્વાદ ધરાવતી કોઈપણ બે-બે ખાવાલાયક વસ્તુનાંનામ આપો.** **(5)**

(1) ખારો (2) મીઠો (3) ખાટો (4) તીખો (5) કડવો

અ.નિ. રોજિંદા જીવનની મૂળભૂત જરૂરિયાતો (જેમકે ખોરાક, પાણી વગેરે) મેળવવાની પ્રક્રિયા અને તેમાં ટેકનોલૉજીના ઉપયોગો સમજાવે છે. (જેમ કે ખેતપેદાશો ખેતરથી રસોડા સુધી પહોંચવાની પ્રક્રિયા, અનાજમાંથી રોટલી બનવાની પ્રક્રિયા, અનાજ જાળવણીની રીત (તકનિકો), જળસ્રોતમાંથી પાણી સંગ્રહની રીતો)

પ્રશ્ન 5 (અ) કારણો આપો. **(4)**

1. કેટલીક ખાવાની વસ્તુઓને આખુ વર્ષ સાચવવામાં આવે છે
2. અનાજ ભરતાં પહેલાં તડકામાં સૂકવવામાંઆવે છે.

પ્રશ્ન 5 (બ) આખુ વર્ષ સંગ્રહ કરી શકાય તેવી બે ખાદ્યસામગ્રીનાં નામ આપો. **(1)**